જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૫૨૨/૧૫

## જી.ટી.યુ. ની પરીક્ષાનાં આન્સર પેપરોનાં બોક્સોની ચોરી કરવામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી એક આરોપીને આન્સર પેપરનાં બે બોકસ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇસ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા એસ.એન. દેસાઇ, તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, જમાલપુર બ્રીજ નીચેથી સદામ ઉર્ફે બટકા જાકીરહુસેન જાતે શેખ ઉ.વ.૨૪ રહે, અલ્લાનગરના બહારના કાચા છાપરામાં સી.એન.જી પેટ્રોલ પંપ સામે મેલડી માતાજીના મંદીર પાસે બહેરામપુરા અમદાવાદ શહેર મુળ ગામ:- પટન નાને તા.૧૬/૧૨/૨૦૧૫ ના રોજ પક્ડી અટક કરી, તેની પાસેથી જી.ટી.યુ. ની પરીક્ષાની આન્સર બુકો – ૨૯૯ ભરેલ ખાખી પુઠાના બોક્સ નંગ-૨ જેની કિ.રૂ.૧૬૪૪.૫૦ મળી આવતા તપાસ અર્થે કબજે કરેલ છે.

આ કામે આરોપીની પુછપરછ કરતા સહ આરોપીઓ ઇન્તુડા ઉર્ફે કુદા તથા અસુડા તથા કાલીયા ત્રણેય રહે, દાણીલીમડાગામ તથા જગુડા રહે, લાભાગામ તથા મોહસીન રહે, અલ્લાહનગર ખાતે રહે છે.તેઓ સાથે મળી સવાર નાં સમયે જમાલપુર ફુલ બજાર સામે શાકભાજી વેચવાવાળાઓનાં લીધે ટ્રાફીક જામ થતો હોય ત્યારે ત્યાથી પસાર થતી લોડીગ આયસર ગાડી કે ટેમ્પો જેમાં પાછળનાં ભાગે ભરેલ સરસામાન ચાલુ ગાડીએ ગાડીમાં ચઢી ચાલુ ગાડીએ નીચે નાખી ચોરીઓ કરે છે. જેમાં તા.૧૬/૧૨/૨૦૧૫ ના રોજ સવારનાં સાતેક વાગ્યાની આસપાસ જમાલપુર બ્રીજ ઉપરથી એક આયસર ગાડી જેમાં પાછળનાં ભાગે ખાખી પુઠાનાં બોક્સ ભરેલી નીકળતાં તે આયસર ગાડીમાં ચાલુ ગાડીએ સહ આરોપીઓ ચઢી જઇ તેમાંથી જી.ટી.યુ. ની પરીક્ષાનાં આન્સર પેપરોનાં ભરેલા બોક્સ નીચે ફેકી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જે બાબતે ગાયકવાડ હવેલી પો.સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય, સદરી આરોપીને ગાયકવાડ હવેલી પો.સ્ટેશન નાઓને સોપવા સારૂ તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)